INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**<u>અખબારી યાદી</u>** **<u>તા. ૦૭-૦૩-૨૦૨૫</u>**

- **લોકસભાનાં વિપક્ષના નેતા આદરણીય રાહુલ ગાંધી સાથે પૂર્વ પ્રમુખો, પૂર્વ નેતા વિપક્ષ, પોલિટિકલ અફેર્સ કમિટી,જિલ્લા-શહેર પ્રમુખો અને વિવિધ સેલનાં હોદ્દેદારો સાથે કર્યો સંવાદ : મહત્વની બેઠકોનો પ્રથમ તબક્કો પૂર્ણ.**
- **તાલુકા-નગર પાલિકા પ્રમુખો સાથે શ્રી રાહુલ ગાંધીએ કર્યો સીધો સંવાદ**
- **ગુજરાતથી સંગઠન વર્ષની શરૂઆત: ગુજરાતમાં ભાજપને હરાવવાનો મજબૂત પ્લાન અમલમાં મૂકવામાં આવશે**

પૂ. મહાત્મા ગાંધી-સરદાર સાહેબની પાવન ધરાના બે દિવસીય સંવાદ બેઠક અન્વયે પ્રથમ દિવસે લોકસભાનાં વિપક્ષના નેતા આદરણીય રાહુલ ગાંધીનું એરપોર્ટ પર કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ. શ્રી રાહુલ ગાંધીજીના નેતૃત્વમાં “સંવાદ કાર્યક્રમ”ની તમામ મહત્વની આંતરિક બેઠકોમાં એઆઈસીસીના સંગઠન પ્રભારી અને મહામંત્રી શ્રી કે.સી વેણુગોપાલજી, ગુજરાત સંગઠન પ્રભારીશ્રી મુકુલ વાસનિકજી, ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી શક્તિસિંહ ગોહિલજી, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાજી અને એઆઈસીસી સેક્રેટરીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.રાજીવ ગાંધી ભવન ખાતે પ્રથમ દિવસે મહત્વની બેઠકોનો દોર પૂર્ણ થયો.સૌપ્રથમ,પૂર્વ પ્રમુખશ્રીઓ, પૂર્વ નેતાવિપક્ષશ્રીઓ સાથે જિલ્લા-શહેરના પ્રમુખશ્રીઓ તાલુકા-નગરનાં પ્રમુખશ્રીઓ સાથે રાજ્યની મુખ્ય સમસ્યાઓ, કોંગ્રેસના સંગઠન,ગુજરાતમાં કોંગ્રેસ પક્ષની સ્થિતિ સહિતના મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. શ્રી રાહુલ ગાંધીજીએ ગુજરાતના નાગરિકોને ન્યાયની સાથે હક અને અધિકાર મળે તે માટે રચનાત્મક-આંદોલનાત્મક કાર્યક્રમોના આયોજન પર ભાર મૂક્યો. સંગઠનમાં મોટાપાયે ફેરફાર સાથે હોદ્દેદારશ્રીઓને જવાબદારી સાથે જવાબદેહી પણ સુનિશ્ચિત કરવામાં આવશે. ગુજરાતમાં બેરોજગારી,મોંઘવારી,મહિલા સુરક્ષા,ખેડૂતોના પ્રશ્નો સહિત મહત્વના મુદ્દાઓને આક્રમકતાથી રજૂ કરવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે પોલિટિકલ અફેર્સ કમિટીનાં તમામ સભ્યોએ કોંગ્રેસના સંગઠનને મજબૂત બનાવવા માટે શું કામગીરી થઈ શકે તે અંગે સંવાદ થયો હતો. સૂચનો સાથે નવા કાર્યક્રમો થકી ગુજરાતના નાગરિકોના અવાજને મજબૂત કરવા વિવિધ કાર્યક્રમો અંગે પણ ચર્ચા કરવામાં આવી. જિલ્લા પ્રમુખશ્રીઓ સાથેના સંવાદમાં બૂથ સુધીનાં સંગઠનનાં માળખાને મજબૂત બનાવવા માટે વિશેષ ભાર મૂકવામાં આવ્યો. યોગ્ય રણનીતિ દ્વારા બુથ લેવલ સુધી સંગઠનને મજબૂત કરવા પર ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ માટે કમર કસવામાં આવશે. ગુજરાતમાં ભાજપને હરાવવાનો મજબૂત પ્લાન અમલમાં મૂકવા જઈ રહ્યા છીએ

શ્રી રાહુલ ગાંધીનાં સંવાદ કાર્યક્રમમાં ૪૦૦થી વધુ તાલુકા-નગર પાલિકાના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં સંપૂર્ણપણે સ્થાનિક નેતૃત્વ સાથે ધરાતલ પર કોંગ્રેસ પક્ષની સારાં-નરસા પાસા અંગે ખૂલ્લા મને રાહુલજી સાથે

સંવાદ કરવામાં આવ્યો.તાલુકા સ્તરેથી પ્રદેશ સ્તર સુધી ગુજરાત કોંગ્રેસને મજબૂત કરવા મહત્વનો વાર્તાલાપ કરવામાં આવ્યો હતો.

એઆઈસીસીના સંગઠન પ્રભારી અને મહામંત્રી શ્રી કે.સી વેણુગોપાલજી પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે ગુજરાતથી સંગઠન વર્ષની શરૂઆત કરવામાં આવી છે. રાહુલ ગાંધીજીના ગુજરાત પ્રવાસ દરમિયાન યોજાયેલ બેઠકો કોંગ્રેસ સંગઠનની આંતરિક બેઠકો હતી જેમા અમારુ સંપૂર્ણ ધ્યાન સંગઠનને મજબૂત કરવા પર છે જે માટે પ્રદેશ,જિલ્લા અને તાલુકા સુધીના કોંગ્રેસજન પાસેથી કેવા ફેરફાર કરવાં તે અંગે મંતવ્યો મેળવી ચર્ચા થઈ. સંગઠન પરનુ ધ્યાન માત્ર ગુજરાત માટે નહિ પરંતુ સમગ્ર ભારતભર માટે છે. 8-9 એપ્રિલે યોજનાર અધિવેશનમાં AICC ગુજરાત કોંગ્રેસનો રોડમેપ તૈયાર કરી સોંપશે દરેક નેતાઓની જવાબદારી અને જવાબદેહી સુનિશ્ચિત કરાશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા